**ઉચ્ચક બીલના વિગતવાર બીલ/વર્ગીકૃત યાદી**
**અંગેની સુચનાઓના અમલ બાબત**

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
"વિમા અને લેખા ભવન"બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
હિતિનિ/ટીસી/ફા.નં.૧૦૫/ઉચ્ચક બીલ/૭૦૨૨ - ૫૧ તા.૬/૧૦/૨૦૧૧

વંચાણે લીધા:-(૧) નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૦૨ ના પરિપત્ર નં.તજર/૧૦૦૨/૪૩૫/ઝ
(૨) નાણા વિભાગના તા.૬/૧/૨૦૦૬ ના પરિપત્ર નં.તજર/૧૦૦૨/૧૦૧૬/ઝ
(૩) નાણા વિભાગના તા.૨૬/૬/૨૦૦૯ ના પરિપત્ર નં.તજર/૧૦૨૦૦૯/૫૫૪/ઝ

**પરિપત્ર નં. ૬ /૨૦૧૧**

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓ/પગાર અને હિસાબ અધિકારીશ્રીઓનુ ધ્યાન દોરતા જણાવવાનુ કે એ.જી.કચેરીના નિરીક્ષણ દરમ્યાન ઉકત વંચાણમા લીધેલ પરિપત્રોની કેટલીક સુચનાઓનુ પાલન કરવામા આવતુ નહી હોવાનુ જણાયેલ છે.જે નીચે મુજબ છે.

- નાણા વિભાગના તા.૬/૧/૨૦૦૬ ના ઠરાવ અન્વયે તિજોરી અધિકારીઓ દ્વારા ઉપાડ અધિકારીઓ પાસેથી વિગતવાર બિલોની નકલ મેળવવામા આવતી નથી.
- ઉચ્ચક બિલથી ઉપાડવાની બાબતો માટે સંબધિત વિભાગો/કચેરીઓની વર્ગીકૃત યાદીઓ તિજોરી અધિકારી પાસે ઉપલબ્ધ નથી.

સુચનાઓ

નાણા વિભાગના તા.૬/૧/૨૦૦૬ ના પરિપત્રની સુચના

- ઉચ્ચક બીલથી ઉપાડેલ રકમનુ બીલ એ.જી.કચેરીને મોકલવામા આવે છે.આ બીલની નકલ તે જ વખતે સંબધિત તિજોરી કચેરીને પણ મોકલવાની રહેશે.

નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૦૨ ના પરિપત્ર અને તા.૧-૧૦-૨૦૧૦ ના પત્રની સુચના

- સર્વ વિભાગોને એ.જી.ઓડીટ પેરા અન્વયે ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૨૧૦ ની નોંધ-૧ મુજબ વહીવટી વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના ઉપાડ અને ચુકવણી અધિકારીઓ દ્વારા જુદી જુદી બાબતો અંગે કરવામા આવતા ખર્ચનો અભ્યાસ કરીને ઉચ્ચકબીલથી નાણા ઉપાડવા અંગેની બાબતોને વર્ગીકૃત કરીને તે અંગેની યાદી બહાર પાડવા સુચનાઓ આપવામા આવેલ છે.

આથી ઉકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા,ઉપાડ અધિકારીશ્રીઓના મંજુર થયેલ ઉચ્ચક બીલોના વિગતવાર બીલોની નકલ નિયત સમય મર્યાદામા સંબધિત કચેરીઓ પાસેથી મેળવવા અને જે ઉપાડ અધિકારીશ્રીઓ દ્વારા ઉચ્ચક બીલ રજુ કરવામા આવતા હોય તેઓ પાસેથી વર્ગીકૃત યાદીની નકલ મેળવી તિજોરી કચેરીના રેકર્ડ પર રાખવા જણાવવામા આવે છે.

નિયામક

નકલ રવાના:-

- શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબી અધિકારીશ્રી......................(તમામ)
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- તાલીમ અધિકારીશ્રી,તાલીમ કેન્દ્ર,હિ.તિ.નિ..કચેરી,ગાંધીનગર